
# સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણનો તસવીરી આલેખ



સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ માટે ગુજરાતની જીવાદોરી અને પૂણ્યસલિલા મા નર્મદાના સાનિધ્યથી વિશેષ કોઈ સ્થળ ન હોઈ શકે તે ન્યાયે સરદાર સરોવરની સામેની સાધુ બેટની વિશાળ જગ્યા પસંદ કરવામાં આવી.



તા.૩૧ ઓક્ટોબર-૨૦૧૩ને સરદાર પટેલ જન્મજયંતીનો દિવસ... તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાના દ્રઢ સંકલ્પને સાકાર કરવાના મક્કમ ઈરાદાને મૂર્તિમંત કરવા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું ખાતમુહૂર્ત કર્યુ.



વર્ષ ૨૦૧૪-૧૫ના બજેટમાં જ્યારે સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે રૂા.૫૦૦ કરોડ જેવી માતબર રકમની ફાળવણી થઈ. જોતજોતામાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની કામગીરી જોરશોરથી ચાલુ થઈ. ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે તા.૨૭ ઓક્ટોબર-૨૦૧૪ના રોજ સ્ટેચ્યુના નિર્માણ કાર્યનો પ્રારંભ કરવાનો વર્ક ઓર્ડર એલ એન્ડ ટી કંપનીને આપ્યો અને શરૂ થઈ યુદ્ધના ધોરણે સ્ટેચ્યુના નિર્માણની કામગીરી. આ કામગીરી દરમિયાન સમગ્ર સંકુલની આનુષાંગિક કામગીરીનો પણ પ્રારંભ થયો. ૧૫મી ડિસેમ્બર-૨૦૧૪ના રોજ રાફ્ટ કોન્ક્રીટીંગની કામગીરીનો પ્રારંભ થયો. ડિસેમ્બર-૨૦૧૫ સુધીમાં પાયાનું મહત્વનું કામ આગળ વધ્યું.



સાથે-સાથે માર્ચ-૨૦૧૬માં બ્રિજના નિર્માણનું કામ પૂરજોશમાં આગળ વધ્યું



આ સ્મારકના નિર્માણનું કામ જેટલું મહત્વનું છે એટલું જ મહત્વનું કાર્ય પીઠિકાના નિર્માણનું છે. જ્યાં ૪૬૪૭ ચો.મી.માં ફેલાયેલું પ્રદર્શન આકાર પામ્યું છે. આ પીઠિકા સાથે મૂળ સ્ટેચ્યુના પાયાનું બાંધકામ સપ્ટેમ્બર-૨૦૧૭માં પૂર જોશમાં શરૂ થયુ.




પીઠિકાની કામગીરીનો મોટોભાગ જૂન-૨૦૧૮માં પૂર્ણ થયો અને મહત્વનું એવું સ્મારકનું કામ આગળ વધ્યું.



આ સ્મારક નિર્માણની કામગીરી વધુને વધુ ઝડપથી આગળ વધતી રહી. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની સીધી દેખરેખ હેઠળ ઓગસ્ટ-૨૦૧૮માં અડધા ઉપરાંતની કામગીરી પૂર્ણ થઈ.



મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જરૂર પડ્યે સ્ટેચ્યુ ઓફ યુનિટી સ્મારકની કામગીરીની સમીક્ષા સ્થળ મુલાકાત લઈને પણ કરી. પૂર્ણ કદની પ્રતિમાના નિર્માણનું કામ પૂર્ણતાના આરે હતું ત્યારે આ સ્મારકના નિર્માણમાં દિવસ-રાત એક કરનારા ઈજનેરો-કારીગરોનો જુસ્સો મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ વધાર્યો હતો. એટલું જ નહીં મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંઘ સાથે કામગીરી સંદર્ભે તા.૧૮ ઓક્ટોબર-૨૦૧૮ના રોજ વિચાર-વિમર્શ પણ કર્યો હતો.



આખરે ઓક્ટોબર-૨૦૧૮ સુધીમાં તો સ્ટેચ્યુ લગભગ તૈયાર થઈ ગયું. હવે આખરી ઓપ આપવાનો બાકી હતો એ સાથે લોકોને હવે બરાબર ખ્યાલ આવી ગયો કે નરેન્દ્રભાઈ મોદીનું સપનું સાકાર થઈ ગયું છે.



હવે જ્યારે ૩૧મી ઓક્ટોબર-૨૦૧૮ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આ સ્મારક રાષ્ટ્રને અર્પણ કરશે ત્યારે ૩૧મી ઓક્ટોબર-૨૦૧૩ના ખાતમુહૂર્તથી લઈને ૩૧મી ઓક્ટોબર-૨૦૧૮ સુધીની પાંચ વર્ષની નિર્માણયાત્રા દ્વારા તેમનું સપનું સાકાર થશે.

## સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં યુવાઓ માટે સેલ્ફી પોઈન્ટ

ગાંધીનગર, તા. ૨૯

સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા - સ્ટેચ્યુ ઓફ યુનિટીના સ્થળે યુવાઓ માટે અનેરૂ આકર્ષણ ઉભું કરાયું છે. આદિવાસી સંસ્કૃતિ તથા વેલી ઓફ ફ્લાવર્સ તથા પ્રતિમા સાથે યુવાઓને ફોટો પાડવાની તક પૂરી પાડવા વિવિધ સ્થળોએ સેલ્ફી પોઈન્ટ ઉભા કરયા છે. તેમજ વ્યુઈંગ ગેલેરી પણ ઉભી કરાઈ છે.

સોશ્યલ મીડિયાનો યુવાઓમાં વધતો જતો ક્રેઝ ધ્યાને લઈને વિશ્વસ્તરના આ પ્રવાસન સ્થળે સરદાર સાહેબની પ્રતિભાની સાથે યુવક-યુવતીઓ પોતાની તસવીર ખેંચી શકે તે માટે ખાસ વેલી ઓફ ફ્લાવર્સ, પ્રતિમા સ્થળ તેમજ અમગ્ર પરિસરમાં આદિવાસી સંસ્કૃતિની ઝાંખીની સાથે કુદરતી નજારો જોવા મળે તે રીતે વિવિધ જગ્યાઓ પર સેલ્ફી પોઈન્ટ ઉભા કરાયા છે, જે યુવાઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

પરિસરમાં પ્રતિમાની સામે, વેલી ઓફ ફ્લાવર્સમાં આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતાં પરિવારની અદભૂત મૂર્તિઓ તથા સરદાર સાહેબની પ્રતિમાની સાથે સેલ્ફી પડાવવાની અનેરી તક મળશે. ઉપરાંત પ્રતિમાની સામેના બગીચામાં અદભૂત પતંગિયાની પ્રતિકૃતિ ઉભી કરાઈ છે. જેની સાથે સરદાર સાહેબની પ્રતિમાની સેલ્ફી મળી રહેશે, એ પણ આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

આમ, સમગ્ર પરિસરમાં યુવક-યુવતીઓ સહિત સહેલાણીઓને આકર્ષવા માટેનો અનેરો પ્રયત્ન કરાયો છે. જે લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

## રાંધેજા ગામમાં ખુલ્લેઆમ બાજી માંડીને બેઠેલા ૮ શકુનિ પકડાયા

ગાંધીનગર, તા. ૨૯



ગાંધીનગર નજીક આવેલા રાંધેજા ગામમાં ખુલ્લેઆમ એક્સ એક્સ બહારથી જુગારીઓને બોલાવીને જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીના આધારે પેથાપુર પોલીસની ટીમે દરોડો પાડ્યો હતો. પોલીસે દરોડો પાડીને કોર્ડન કરી ખુલ્લેઆમ બાજી માંડીને બેઠેલા આઠ શકુનિઓને પકડી પાડ્યા હતા જ્યારે મુખ્ય સૂત્રધાર ફરાર થઈ ગયો હતો. પેથાપુર પોલીસે વાહનો સહિત દોઢ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી આઠ શખ્સોની ધરપકડ કરી રાંધેજા ના મુખ્ય સૂત્રધાર પી.પી નામના શખ્સને પકડવા કવાયત શરૂ કરી છે.

પેથાપુર પોલીસ મથકના પી.એસ.આઈ એલ એસ ચૌધરીની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે રાંધેજા ગામની સીમમાં ખુલ્લેઆમ રાંધેજાનો શખ્સ નિલેશ ઉર્ફે પીપી કનુભાઈ પટેલ બહારથી જુગારીઓને બોલાવીને જુગારધામ શરૂ કરીને બેઠો છે. આ બાતમીના આધારે પેથાપુર પોલીસની ટીમે બાતમી વાળા સ્થળે દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને જુગારીઓમાં નાસભાગ મચી હતી જોકે પોલીસે કોર્ડન કરીને આઠ જુગારીઓને પકડી પાડયા હતા. પોલીસે બોરીજ જૈન દેરાસર પરુ ખાતે રહેતા દિપેન્દ્ર લક્ષ્મણ કુશવાહ, વાવોલ નારણનગર વિસ્તારમાં રહેતા હોરીલાલ સીયારામ યાદવ, અમદાવાદ ઘાટલોડિયા વિસ્તારમાં રહેતા સુનિલ સુરેશ સુથાર, ગંધર્વ ઉદયભાણ ઠાકુર, સપન જગદીશ પ્રસાદ ગુપ્તા, વિનોદ જગદીશ ગોસ્વામી, રોહિત ચંદ્રપાલ રાજપુત અને લાલકૃષ્ણ છના ભરવાડ મળીને ૮ શકુનીઓને રંગેહાથ દબોચી લીધા હતા. પોલીસે રોકડ રૂપિયા ૧૫૨૫૦, તથા રીક્ષા, બે એકટીવા અને મોબાઈલ મળીને કુલ રૂ.૧,૪૦,૨૫૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ મુખ્ય સૂત્રધાર નિલેશ ઉર્ફે પી.પી.પટેલ ની ધરપકડ માટે પેથાપુર પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

## સ્ટેટ્યુ ઓફ યુનિટીનું અનોખું આકર્ષણ : અત્યાધુનિક ટેન્ટ સિટી

ગાંધીનગર, તા. ૨૯

સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમાં નિર્માણાધિન ટેન્ટ સીટી દેશભરના સહેલાણીઓ માટે અનેરો લ્હાવો પૂરો પાડશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આ સ્મારકનું ૩૧મી ઓક્ટોબરે લોકાર્પણ થશે. આ સ્થળને વૈશ્વિક સ્તરે પ્રવાસન સ્થળ તરીકે પ્રસ્થાપિત કરવા માટે અનેક નવતર આયામો ઊભા કરાયા છે. આ સ્થળની મુલાકાત લેનારા પ્રવાસીઓને કુદરતનું સાનિધ્ય મળી રહે અને પ્રવાસીઓને અહીં રોકાવાનું મન થાય તેવું વાતાવરણ સર્જાયું છે.

પૂર્ણ સલિલા નર્મદા નદીના કુદરતી સૌન્દર્યની વચ્ચે ટેન્ટ સીટીનું નિર્માણ કરાયું છે. તળાવ નં-૩ અને તળાવ નં-૪ના કિનારે પચાસ હજાર ચો.મી. અને વીસ હજાર ચો. મી. એમ બે સ્થાન ઉપર આ ટેન્ટ સીટી આકાર લેશે. આ ટેન્ટ સીટીમાં જરૂરી માળખાકીય સુવિધાઓ, રોડ, વીજળી, પીવાનું પાણી જેવી શ્રેષ્ઠ સગવડો ઉપરાંત સમથળ જમીન ઉપર વિવિધ ભૂમિદ્રશ્યો ઉભા કરવામાં આવ્યા છે. તળાવ નં. ૪ નજીકના પ્રથમ ટેન્ટ સીટીમાં પચાસ ટેન્ટ અને તળાવ નં. ૩ના કિનારે આવેલા બીજા ટેન્ટ સીટીમાં ૨૦૦ ટેન્ટ બાંધવામાં આવ્યા છે. પ્રવાસીઓને ટેન્ટ સીટી ખાતે વડોદરાથી જવા-આવવાની વ્યવસ્થા તથા સ્થાનિક ફરવાલાયક સ્થળોની મુલાકાત જેવી સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવશે.



### નર્મદા મૈયાના કુદરતી સાનિધ્યમાં ૭૦ હજાર ચો.મી. વિસ્તારમાં ૨૫૦ ટેન્ટનું વિશાળ નગર નિર્માણ કરાયું

આ ટેન્ટ સીટીમાં રિસેપ્શન એરિયામાં સરદાર પટેલના જીવન કવન સાથે સંકળાયેલી ક્વીઝ પણ ઈન્સ્ટોલ કરવામાં આવી છે. અહીં હરિત ઊર્જા સાથે આખું ટેન્ટ સીટી ઝળહળે તે માટે ૨૫૦ કિલોવોટ સૂર્ય ઊર્જા ઉત્પન્ન કરતી તરતી સૌર પેનલો ભવિષ્યમાં સ્થાપિત કરવાનું આયોજન પણ કરાયું છે. ઘન અને પ્રવાહી કચરાના વ્યવસ્થાપન દ્વારા આ આખું સંકુલ પર્યાવરણ હિતકારી બની રહેશે. આ એવું સ્થળ છે જ્યાં ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર દ્વારા એંઠવાડમાંથી બાયો-ફર્ટિલાઈઝર બનાવવામાં આવશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી આસપાસનો વિસ્તાર એકદમ સ્વચ્છ રહે તેની પણ કાળજી લેવામાં આવી છે. આ સંકુલનો લગભગ બે લાખ ચો. મી.નો વિસ્તાર સંપૂર્ણતયા સાફ-સ્વચ્છ રહે તે માટે બીવીજી ઈન્ડિયા પ્રા. લિ.ને ફરજ સોંપાઈ છે. આ કંપની સફાઈ કામગીરી માટે આશરે ૧૦૦ કામદારોની ફોજને કામે લગાડશે.

આ ટેન્ટ સીટીને કારણે ઉભી થનારી રોજગારીની તકો પૈકી ૮૫ થી ૯૦ ટકા રોજગારીની તકો સ્થાનિક યુવાઓ માટે નિર્માણ થશે જેનાથી સ્થાનિક લોકોને માત્ર રોજગારી મળશે એવું નથી આ વિસ્તારના આર્થિક વિકાસને નવો વેગ મળશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી સંકુલ ખાતે ખાસ તાલીમ પામેલા ગાઈડની સેવા પણ ઉપલબ્ધ હશે. માત્ર એક મહિનામાં જ સઘન તાલીમ દ્વારા ૮૦ વ્યાવસાયિક ગાઈડને તૈયાર કરવામાં આવ્યા છે.

### દરખાસ્ત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માંગ પ્રબળ બની છે. શહેરમાં આવાસ રીનોવેશન માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. જેમાં સે-૨૮ માં ચ અને છ કક્ષાના કુલ ૧૬ બ્લાકે તેમજ સે-૨૯ માં ચ અને છ કક્ષાના કુલ ૧૪ બ્લોક ઉપરાંત સે-૨૨ માં ઘ કક્ષાના ૩ બ્લોક અને ચ કક્ષાના ૫ બ્લોકના મજબુતીકરણ માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ કરોડનો ખર્ચથાય તેમ છે. જયારે આગામી દિવસોમાં દરખાસ્તને મંજુરી મળ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

### માર્કેટીંગ કર્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભાજપ સરદારની પ્રતિમા બનાવી શું સાબિત કરવા માંગે છે. પહેલા સરકાર દેશી રાજવી અને રજવાડાઓનું સન્માન કરે. ભાવનગરના પહેલા રાજવીએ પોતાનું રજવાડું આપ્યું હતું તે રાજવીનું સન્માન કરવું જોઈએ, પરંતુ હાલ એવું કશું દેખાતું જ નથી. માત્ર વિકાસ અને સરદારના નામે માર્કેટિંગ કરવામાં આવી રહ્યું છે. શંકરસિંહ બાપુએ વધુમાં ઉમેર્યુ કે, ભાજપ હાલ સરદારના નામે જે રીતે મોટ-મોટેથી તેમના ગુનગાન ગાઈ રહ્યું છે, તે બધુ બોગસ છે. અગાઉ ભાજપ પોતાના ભૂતકાળમાં જઈને જોવે કે જે સરદારના સંસ્કારો અને વિચારોની વાત હાલ કરી રહ્યું છે તે અમદાવાદ એરપોર્ટના નામકરણ વખતે સરદાર સાહેબનો કેટલો વિરોધ કર્યો હતો, તે વિચારે.. ભાજપની મહિલા કાર્યકરોએ અમદાવાદ એરપોર્ટના નામકરણમાં સરદારનો મોટો વિરોધ કર્યો હતો. શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું કે જ્યારે અમદાવાદ એરપોર્ટને સરદાર પટેલનું નામ આપવામાં આવ્યું હતું ત્યારે ભાજપે જ વિરોધ કર્યો હતો, મોદીજી તમે કોને મુર્ખ બનાવો છો, સ્ટેચ્યુ ઓફ યુનિટી તો મેડ ઈન ચાઈના છે, તમે આ સ્ટેચ્યુથી કોને ખુશ કરવા માગો છો. સરદાર સાહેબને આજે પણ અન્યાય થઈ રહ્યો છે. ભાજપે સરદારની વિશાળ પ્રતિમા બનાવીને રાજ્યમાં ચાલી રહેલા પાટીદાર આંદોલનને ઠંડુ પાડવા માંગે છે. પરંતુ મારે તેમને એક સવાલ છે કે તમે સરદારનો ઉપયોગ કરી શું પાટીદાર સમાજને ખુશ કરવા માગો છો? પહેલા આવા નાટક કર્યા વગર પાટીદાર સમાજના જે છોકરા જેલમાં બંધ છે એમને મુક્ત કરો.. સરદાર કેમ ગમે છે? પાટીદાર સમાજ નારાજ છે એટલે? પરંતુ આ સમાજ બધું સમજી ગયો છે. સરદાર સાહેબે ક્યારેય દેશના વડાપ્રધાન બનવાનું કહ્યું નહોતું. માત્ર જુઠ્ઠાણા ફેલાવીને સરકાર લોકોની વોટબેંક મેળવવા માંગે છે.

### સંપન્ન થયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લોકનૃત્યો રજુ કરી સૌના મન મોહી લીધા હતા.

એકતા યાત્રાનો આજે પ્રથમ તબક્કો સંપન્ન થયા બાદ બીજા તબક્કાને વધુ સફળ બનાવવા માટે તંત્રએ કમર કસી છે. દિપાવલી પછી આ બીજો તબક્કો હાથ ધરાવાનો છે. ત્યારે તંત્રએ તે માટેની કવાયત અત્યારથી જ સઘન બનાવી દીધી છે.

### સુનાવણી ટળી

● અનુસંધાન પહેલાનું ચાલુ

અયોધ્યા રામ મંદિર-બાબરી મસ્જિદ જમીન વિવાદના મામલામાં સુનાવણી આજે હાથ ધરવામાં આવી હતી. જો કે ટુંકા ગાળામાં જ મામલાની સુનાવણીને જાન્યુઆરી સુધી ટાળી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ, જસ્ટિસ એસકે કૌલ અને જસ્ટિસ કેએમ જોસેફની બનેલી બેંચ સમક્ષ આ મામલાની સુનાવણી આજે આવી હતી.અયોધ્યા મામલાને બંધારણીય બેંચની પાસે મોકલવાનો સુપ્રીમ કોર્ટે ઈન્કાર કરી દીધા બાદ સુનાવણીને લઈને તમામની નજર આના ઉપર કેન્દ્રિત હતી. મુસ્લિમ પાર્ટીઓ તરફથી એવી દલીલ કરવામાં આવી હતી કે, ૧૯૮૪માં ઈસ્માઈલ ફારુકી કેસમાં સુપ્રીમ કોર્ટે પોતાના જજમેન્ટમાં કહ્યું હતું કે, મસ્જિદમાં નમાઝ અદા કરવાની બાબત ઈસ્લામનો કોઈ ભાગ નથી. આવી સ્થિતિમાં આ ચુકાદાને ફરી એકવાર ધ્યાનથી જોવાની જરૂર દેખાઈ રહી છે જેથી આ મામલાને પહેલા બંધારણીય બેંચને મોકલવાની રજૂઆત કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં અગાઉ કહ્યું હતું કે, મામલાને બંધારણીય બેંચને મોકલવામાં આવશે નહીં. રામલલ્લા વિરાજમાન તરફથી એડવોકેટ ઓનરેકોર્ડ વિષ્ણુ જૈને દલીલ કરી હતી કે સુનાવણી ખુબ મહત્વપૂર્ણ છે. હિન્દુ અને મુસ્લિમ પાર્ટીઓ વચ્ચે માલિકીના મુદ્દે સદીઓ જુના વિવાદ ઉપર હવે સુનાવણી થનાર છે. અયોધ્યામાં રામ જન્મભૂમિ બાબરી મસ્જિદ ખાતે ૨.૭૭ એકર જમીન ઉપર માલિકીને લઈને હિન્દુ અને મુસ્લિમ સમુદાયના લોકો વચ્ચે સદીઓથી વિવાદ જારી છે. અલ્હાબાદ હાઈકોર્ટે વર્ષ ૨૦૧૦માં ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો જેની સામે સતત અરજીઓ કરવામાં આવી હતી. અલ્હાબાદ હાઈકોર્ટે વર્ષ ૨૦૧૦માં ઐતિહાસિક ચુકાદો આપતા વિવાદાસ્પદ જમીનને ત્રણ ભાગોમાં વિભાજિત કરી હતી જેમાં રામલલ્લા, સુન્ની વક્ફ બોર્ડ અને નિરમોહી અખાડા વચ્ચે જમીન વિભાજિત કરી હતી. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈના નેતૃત્વમાં આ મામલાની સુનાવણી આવતીકાલથી શરૂ થશે.

### હિન્દુ સંગઠનો

● અનુસંધાન પહેલાનું ચાલુ

મામલા પર ચુકાદો આપે છે તેને લઈને તેમને વધારે ધ્યાન નથી પરંતુ મોદી સરકાર રામ મંદિર માટે વટહુકમ લાવીને આ દિશામાં આગળ વધી શકે છે. શિયા વક્ફ બોર્ડના ચેરમેન વસીમ રિઝવીએ આજે કહ્યું હતું કે, તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવાની ઈચ્છા ધરાવે છે. વિશ્વ હિન્દુ પરિષદે મંદિર નિર્માણ માટે વટહુકમ લાવવાની માંગ કરી છે. વિશ્વ હિન્દુ પરિષદના પ્રવક્તાએ કહ્યું છે કે, સંસદના શિયાળુ સત્રમાં મંદિર નિર્માણ માટે વટહુકમ લાવી શકાય છે. સુપ્રીમ કોર્ટના નિર્ણય ઉપર પ્રતિક્રિયા આપતા વિહિપના પ્રવક્તાએ કહ્યું છે કે, આનાથી ચુકાદામાં વિલંબ થશે. અયોધ્યામાં મંદિર નિર્માણ માટે પોતાના આંદોલનને વધુ તીવ્ર કરવામાં આવશે. મહંત પરમહંસદાસે સરકારથી રામ મંદિર એક મહિનાની અંદર કાયદા મારફતે નિર્માણ કરવાની વાત કરવા અપીલ કરી છે. પરમહંસનું કહેવું છે કે, છેલ્લી વખતે જ્યારે તેઓએ અનશન કર્યા હતા ત્યારે તેમને બળજબરીપૂર્વક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હવે રામ મંદિર ઉપર તરત કાયદાની માંગ કરે છે. જો આવું નહીં કરવામાં આવે તો તેઓ ફરી આંદોલન કરશે. અયોધ્યા મામલામાં સુનાવણી ટળી ગયા બાદ રાજકીય નિવેદનબાજી વધુ તીવ્ર બની ગઈ છે. ઉત્તરપ્રદેશના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મોર્યએ કોઈ નિવેદન કરવાનો ઈન્કાર કર્યો છે. વિનય કટિયારે કોંગ્રેસના દબાણમાં કામ કરવાનો આક્ષેપ કર્યો છે. કેન્દ્રીયમંત્રી ગીરીરાજસિંહે કહ્યું છે કે, હવે હિન્દુઓ ધીરજમાં રહેવા માંગતા નથી. જો હિન્દુઓ બેકાબુ થશે અને ધીરજ ગુમાવશે તો શું થશે તેવી વાત ગીરીરાજસિંહે કરી હતી. કેશવ પ્રસાદ મોર્યએ કહ્યું છે કે, સુપ્રીમ કોર્ટે આ નિર્ણય આપે છે.

### કાયદો બનાવે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉપરોક્ત સ્થાન રામલલ્લાના જન્મસ્થાન તરીકે છે. તથ્યો અને સાક્ષીઓના આધાર પર પણ આ બાબત સાબિત થઈ ચુકી છે. મંદિર તોડીને કોઈ માળખુ તૈયાર કરવાના પ્રયાસ થયા હતા. ભુતકાળમાં ત્યાં મંદિરનું અસ્તિત્વ હતું. અરુણ કુમારનું કહેવું છે કે, રામ જન્મભૂમિ ઉપર ભવ્ય મંદિરનું નિર્માણ બનવું જોઈએ. જન્મ સ્થાન પર મંદિર નિર્માણ માટે ભૂમિ મળવી જોઈએ. મંદિર બનવાથી દેશમાં સદ્ભાવના અને એકતાની ભાવના જન્મ લેશે. આ દ્રષ્ટિથી સુપ્રીમ કોર્ટ વહેલીતકે નિર્ણય કરે અને જો કોઈ તકલીફ છે તો સરકાર કાયદો બનાવીને મંદિર નિર્માણની દિશામાં આગળ વધી શકે છે. અડચણોને દૂર કરીને શ્રી રામજન્મભૂમિ ન્યાસને જમીન સોંપી દેવી જોઈએ. જ્યારે આંદોલનની શરૂઆત થઈ હતી ત્યારે પૂજ્ય સંતો અને ધર્મ સંસદના નેતૃત્વમાં આંદોલન ચાલ્યું હતું. તે વખતે અમે સમર્થન કર્યું હતું. આગળ પણ અમારુ સમર્થન રહેશે. સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદથી હિન્દુ સંગઠનોમાં નારાજગી જોવા મળી રહી છે. સુનાવણીની તારીખને લઈને હજુ સસ્પેન્સ છે.

### ગરકાવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્લેનની વાપસીના સિગ્નલ આપ્યા હતા. સર્ચ ઓપરેશનમાં રહેલા અધિકારીઓના કહેવા મુજબ જાવા દરિયા કિનારે વિમાનના તુટેલા હિસ્સાના કાટમાળ મળ્યા હતા. વિમાનમાં કુલ ૧૮૮ લોકો હતા જે પૈકી ૧૭૮ પુખ્ત વયના લોકો, બે બાળક, બે નવજાત શિશુ, પાંચ ક્રુ મેમ્બરોનો સમાવેશ થાય છે. યાત્રીઓના સંબંધમાં કોઈ માહિતી મળી શકી નથી. ભારતીય સમય સમંજબ સવારે ૬-૩૩ વાગે આ વિમાને ઉંડાણ ભરી હતી. વિમાનની ભાળ મેળવી લેવા માટેના તમામ પ્રયાસો થઈ રહ્યા છે. ઈન્ડોનેશિયામાં એક પછી એક કુદરતી અને માનવસર્જિત દુર્ઘટના થઈ રહી છે. હાલમાં ભૂકંપ અને સુનામીના કારણે પણ ભારે નુકસાન થયુ હતુ. કોઈ જીવિત મળે તેવી શક્યતા ઓછી છે. હાલના સમયના ઈન્ડોનેશિયાની મોટી વિમાન દુર્ઘટના તરીકે આને ગણવામાં આવે છે. હાલના સમયની સૌથી મોટી દુર્ઘટના પૈકી એક તરીકે આને ગણવામાં આવ્યા બાદ ઈન્ડોનેશિયામાં આ વિમાનમાં મુસાફરી કરી રહેલા લોકોના સગાસંબંધીઓમાં પણ ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું.